નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્સ ડિમાન્ડ રિડક્શન (NAPDDR)ના અમલીકરણ માટે નોડલ વિભાગ જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૯/૧૪૯૮૦૫/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬/03/૨૦૧૯

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારનો તા.૦૧/03/૨૦૧૯ નો પત્રક્રમાંક: 7-4/2018-DP-II

(૨) PARA 4.1 IN OPERATIONAL GUIDELINES of Community Based Targeted Interventions for Drug Abuse prevention, screening, Assessment counselling.

**પરિપત્ર :**

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ડ્રગ્ઝની માંગ ઘટાડવા માટે, યુનાઇટેડ નેશન્સ કન્વેશન મુજબ તથા ચાલુ નીતિઓ અને નાર્કોટીક્સ ડ્રગ્ઝ અંગેના કાયદાઓના આધારે ડ્રગ્ઝની માંગ ઘટાડવા માટેનો એકશન પ્લાન (NAPDDR) વર્ષ ૨૦૧૮-૨૦૨૩ માટે બનાવવામાં આવ્યો છે.

નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્સ ડિમાન્ડ રિડક્શન (NAPDDR)ના અસરકારક અમલીકરણ માટે વંચાણે લીધેલ (૧) અને (૨) મુજબ દરેક રાજ્યમાં નોડલ વિભાગ જાહેર કરવાનો રહે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્સ ડિમાન્ડ રિડક્શનની કામગીરી કરવામાં આવતી હોઇ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને આ યોજનાના અમલીકરણ માટે નોડલ વિભાગ તરીકે જાહેર કરવામાં આવે છે.

આ પરિપત્ર સક્ષમ સત્તાધિકારીની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

patel
(ડી.સી.પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી ,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતેઃ- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ (મારફતેઃ- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી ,ગાંધીનગર. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.